**અંજાર પોલીસ સ્ટેશન**
**પુર્વ કચ્છ-ગાંધીધામ**
**તા.૦૩/૦૭/૨૦૨૬**

# પ્રેસનોટ

## ગંગાનગર રાજસ્થાન ખાતે એક યુવતીને ઇન્સ્ટાગ્રામ મારફતે લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી પ્રેમજાળમાં ફસાવી બદકામ કરી ભાગી આવેલ આરોપીને પકડી પાડી રાજસ્થાન પોલીસને સોપતી અંજાર પોલીસ

શ્રી ચિરાગ કોરડીયા સાહેબ મહે.પોલીસ મહાનિરીક્ષક સરહદી રેન્જ ભુજના તથા શ્રી સાગર બાગમાર સાહેબ પોલીસ અધિક્ષક પુર્વ-કચ્છ ગાંધીધામ તથા શ્રી એમ.પી.ચૌધરી સાહેબ નાયબ પોલીસ અધિક્ષક અંજાર વિભાગ અંજારનાઓની સૂચના અને માર્ગદર્શન આધારે

શ્રી એચ.એ.જાડેજા પોલીસ ઇન્સપેક્ટર નાઓ ગંગાનગર પો.સ્ટે રાજસ્થાન પોલીસ તરફથી ગંગાનગર મહિલા પો.સ્ટે ગુ.ર.નં.૫૩/૨૦૨૬ બી.એન.એસ. કલમ-૬૯ મુજબના ગુના કામેનો આરોપી સાજીદ અલીમામદ મંગરીયા રહે.વીડી તા.અંજાર વાળાએ ગંગાનગર ખાતે એક યુવતીને ઇન્સ્ટાગ્રામ માધ્યમથી સંપર્ક કરી ખોટુનામ આપી લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી પોતાની પ્રેમજાળમાં ફસાવી બદકામ કરી અત્રે વીડી તા.અંજાર કચ્છ ખાતે ભાગી આવેલ હોય અને આ આરોપી વિરૂધ્ધ ગંગાનગર રાજસ્થાન ખાતે ગુનો દાખલ થયેલ હોય જે આરોપીને શોધખોળ કરી પકડી પાડવા જણાવતા આ કામે અંજાર પોલીસ સ્ટાફની એક ટીમને તપાસમાં રાખેલ જે આરોપી આજરોજ વીડી ગામ તા.અંજાર ખાતેથી મળી આવતા તેને ડીટેઇન કરી ગંગાનગર રાજસ્થાન પોલીસને આગળની કાર્યવાહી કરવા માટે સોપવામાં આવેલ છે.

**આરોપી :-**

(૧) સાજીદ અલીમામદ મંગરીયા રહે.વીડી તા.અંજાર

આ કામગીરીમાં અંજાર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેક્ટર શ્રી એચ.એ.જાડેજા તથા પોલીસ સ્ટાફના માણસો તથા રાજસ્થાન પોલીસ ટીમ સાથે રાખી કામગીરી કરેલ છે.


અંજાર
પોલીસ સ્ટેશન
પૂર્વ-કચ્છ
ગાંધીધામ
THE
BIG
BANG